જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૫/૦૨/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૧૯/૧૭

**દરીયાપુરઃ** મોહમદજીયાઉલ્લહક મંજુરહુસેન શેખ (રહે. ચંદન તલાવડી ચાર મુસલ્લાની પોળ દરિયાપુર) એ તા.૧૪/૨/૧૭ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી આઠેક મહિના અગાઉ ઘર નજીક રહેતા આરોપી અઝહરખાન રસીદખાન પઠાણએ મોહમદજીયાઉલ્લહક શેખને ઓ.એન.જી.સી.માં નોકરી અપાવવાની વાત કરી રૂપિયા ૩૧,૪૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સિંધવ ચલાવે છે.

**પાલડીઃ** અમિત દિલોપરાવ ગાયકવાડ (રહે. સનફ્લાવર કોમ્પલેક્ષ મેમનગર) એ તા.૧૪/૨/૧૭ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૬/૨૦૧૬ બપોરના ૨/૦૦ વાગે આરોપી વિકાસ સોપારી (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ પોતાના નામના ખોટા દસ્તાવેજ બનાવી ખરા તરીકે ઉપયોગ કરી ખોટી સહીઓ કરી પાલડી ધરણીધર દેરાસર સામે આવેલ સેલ્સ ઇન્ડીયા લીમીટેડ નામના ઇલેકટ્રોનીક શો રૂમમાંથી કંજુમસ પ્રોડક્સ માંથી લોન મેળવી લોનની ભરપાઇ નહી કરી રૂપિયા ૮૩,૫૦૦/- ની કંપની સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી ગોજીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘાટલોડીયાઃ** ઉદયભાઇ નરેન્દ્રભાઇ માલવી (ઉ.વ.૭૫) (રહે. ન્યુ નિકિતાપાર્ક સોસાયટી સન એન્ડ સ્ટેપ ક્લબ પાસે ઘાટલોડીયા) એ તા.૧૪/૨/૧૭ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૦૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી દેવેશ અનિરુધ્ધરાય ભટ્ટ (રહે. અધ્યાપક મિત્ર મંડળ સોસાયટી સરકારી પોલીટેકનીક પાસે આંબાવાડી) અને બીજા બે વ્યક્તિઓએ ભેગા મળી અમદાવાદ શહેરમાં વિવિધ સ્થળોએ પોતાને વિસનગર નાગર વિધોતેજક મંડળના હોદેદાર દર્શાવી મંડળના નામે ફંડ ફાળો ઉઘરાવી નાણા એકત્રીત કરી ટ્રસ્ટના અધિકૃત ઓડીટરને ફંડ ફાળાની રકમ જમા નહી કરાવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એલ જોષી ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૦/૧૭</u>**

**સોલા હાઇકોર્ટઃ** ખેતાજી ભુખાજી મારુ (રહે.તપન ટેનામેન્ટ સોમેશ્વર પાર્ક વિભાગ-૩ સામે થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૨/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૧૪/૨/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન સોલા હાઈકોર્ટ શિવ સિલેકશન નામની પોતાની દુકાન નંબર-૭ નું શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી સી.સી.ટી.વી. કેમેરાની સીસ્ટમ, ડી.વી.આર., રેબન કંપનીના ચશ્મા અને રોકડ રુપિયા ૨,૦૦૦/- મળી કુલ રુપિયા ૪૭,૭૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**ચાંદખેડાઃ** ગુંજનભાઇ મનોજભાઇ રાજપુત (રહે. વૈષ્ણદેવી કોમ્પલેક્ષ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૨/૧૭ રાતના ૯/૦૦ થી તા.૧૪/૨/૧૭ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન આસ્થા સ્ક્વેર ના ફલેટ નીચે આવેલ પ્રિત ઇલેક્ટ્રીકલ નામની પોતાની દુકાન નંબર-૫ ના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી વાયરો, લેપટોપ, પંખાની બોડી મળી કુલ કિંમત રુપિયા ૧,૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયોઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૧/૧૭</u>**

**રામોલઃ** સંગીતાબહેન વા\ઓ પ્રકાશભાઇ પંચાલ (ઉ.વ.૩૨) (રહે. હરીદર્શન રો હાઉસ સોસાયટી શંકર એસ્ટેટની બાજુમા વસ્ત્રાલ) તા.૧૪/૨/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે વસ્ત્રાલ સુર્યમગ્રીનની સામે ચાર રસ્તા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ સંગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રુપિયા ૧૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સંગીતાબહેન પંચાલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૨/૧૭</u>**

**વસ્ત્રાપુરઃ** ચંદુલાલ તેજારામ ઠક્કર (રહે.અલ્ટી એસ સીંધુ ભવન પાછળ થલતેજ) એ તા.૧૪/૨/૧૭ સવારના ૧૧/૩૦ વાગે ટાઈટેનીયમ બીલ્ડીંગ સામે પોતાની મહેન્દ્રા કંપનીની બોલેરો કાર નંબર જી.જે.૮.બીબી.૯૧૫૫ કિમત રુપિયા ૭,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ચંદુલાલ ઠક્કરે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.વાણિયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૨૩/૧૭**

**દાણીલીમડાઃ** અનિલભાઇ અશોકભાઇ કાલા (રહે.દુધાવાળી ચાલી સોનાબેનના છાપરાં ભગીરથ સોસાયટીની બાજુમા દાણીલીમડા) એ તા.૧૪/૨/૧૭ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૨/૧૭ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ભાઈ હર્ષદભાઈના પત્ની અનિતાબહેન (ઉ.વ.૨૮) ને પોતાનો ભાઈ સંજયભાઇ, મોટર સાયકલ પાછળ બેસાડી મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા વૈકુઠધામ મંદિર શિવમ એપાર્ટમેન્ટ આગળ અનિતાબહેન મોતર સાયકલ ઉપરથી નીચે પટકાઈ જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વી.એસ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૪/૨/૧૭ સાંજના ૫/૧૫ વાગે અનિતાબહેનનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રકુમાર મફતલાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૨૪/૧૭**

**કૃષ્ણનગરઃ** ચેતનસિહ મનોહરસિહ રાજપુત (ઉ.વ.૪૧) (રહે.પાયલપાર્ક નયનનગર કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૨/૧૭ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**ઓઢવઃ** શ્વેતાબહેન વા\ઓ નિસર્ગભાઇ પંડયા (ઉ.વ.૨૯) (રહે. ઋષભદેવનગર આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર ૧૩/૨/૧૭ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનર શ્રી “આઇ’ ડીવીઝન ચલાવે છે.

**નિકોલઃ** શીતલબહેન ડો\ઓફ અશોકભાઇ ચૌહાણ (ઉ.વ.૨૮) (રહે.સિધ્ધ એપાર્ટમેન્ટ જગદિશપાર્ક સામે વિરાટનગર નિકોલ) એ બીમારીથી કંટાળી તા.૧૪/૨/૧૭ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગણપતસિંહ બબાજી ચલાવે છે.

**મણીનગરઃ** મોહિત ગણેશચંદ્ર તિવારી (ઉ.વ.૨૭) (રહે.લિંકન એપાર્ટમેન્ટ ઉત્તમનગર બગીચા પાસે મણીનગર) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૪/૨/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રવિણસિંહ શંકરસિંહ  ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)